# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'હાઉ ટુ કોમ્પીટ વીથ એક્ષ્પોર્ટ/ડોમેસ્ટીક માર્કેટ ઇન પ્રેઝેન્ટ ચેલેન્જીસ (સર્ટિફિકેટ ઓફ ઓરીજીન) વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'હાઉ ટુ કોમ્પીટ વીથ એક્ષ્પોર્ટ/ડોમેસ્ટીક માર્કેટ ઇન પ્રેઝેન્ટ ચેલેન્જીસ (સર્ટિફિકેટ ઓફ ઓરીજીન) વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે કલોથીંગ મેન્યુફેકચરર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (સીએમએઆઇ)ના ભુતપૂર્વ પ્રમુખ તેમજ ચીફ એડવાઇઝર શ્રી રાહુલ મહેતા અને એપેરલ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સીલના ભુતપૂર્વ ચેરમેન તેમજ સીએમએઆઇના ભુતપૂર્વ પ્રમુખ શ્રી પ્રેમલ ઉદાનીએ કોરોના વાયરસને કારણે સર્જાયેલી મુશ્કેલીમાં એક્ષ્પોર્ટ અને ડોમેસ્ટીક માર્કેટના ભવિષ્ય વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. સાથે જ સુરતના ઉદ્યોગકારોને તેઓએ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી તરફ વધુ ઘ્યાન આપવા સૂચન પણ કર્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, હાલની વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ ઇન્ડસ્ટ્રીને પ્રગતિના પંથે આગળ કઈ રીતે ધપાવી શકાય તેના માટે નિષ્ણાંતો તેમજ સંબંધિત અધિકારીઓનું માર્ગદર્શન મેળવવા માટે દરરોજ વેબીનારનું આયોજન કરવામાં આવી રહયુ છે.

ચેમ્બરની જી.એફ.આર.આર.સી. કમિટીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યુ હતુ કે, જીએફઆરઆરસી દ્વારા ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીને આગળ લાવવા માટે ખૂબ જ પ્રયાસ કરવામાં આવી રહયો છે. એના માટે ટ્રેનીંગ સેન્ટર ખોલવાની દિશામાં પણ પ્રયાસ થયો છે. સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી

કઈ રીતે પ્રગતિના પંથે ફરીથી આગળ વધી શકે તે અંગેનું માર્ગદર્શન આપવા તેમણે વકતાશ્રીઓને અનુરોધ કર્યો હતો.

શ્રી રાહુલ મહેતાએ જણાવ્યુ હતુ કે, ડોમેસ્ટીક માર્કેટ અને એક્ષ્પોર્ટ બંને સેગ્મેન્ટ અત્યારે તકલીફમાંથી પસાર થઇ રહયાં છે. જો કે, એક્ષ્પોર્ટની તુલનામાં ડોમેસ્ટીક માર્કેટ અત્યારે ગ્રોઈંગ માર્કેટ છે. હાલમાં જ હાર્વર્ડ બિઝનેસ દ્વારા કરવામાં આવેલા સર્વે તેમજ તેના રિપોર્ટને ટાંકીને તેમણે કહયુ હતુ કે કોરોના વાયરસ બાદ વિશ્વના અન્ય દેશોની તુલનામાં ભારત ઇકોનોમીમાં સૌથી વધારે પ્રગતિ કરશે. તેમણે સુરતના ઉદ્યોગકારોને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં વધારે રસ લેવા સૂચન કર્યુ હતુ. તેમણે કહયુ કે, રો મટિરિયલ આપની પાસે ઉપલબ્ધ છે અને એના માટે આપણે બીજા કોઇના પર ડિપેન્ડ રહેવાની જરૂર નથી. આપણને ફેબ્રિકસ સહેલાઇથી મળી જાય છે અને ટ્રાન્સપોર્ટેશનનો પણ ખર્ચ થતો નથી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સુરતને જુદા–જુદા દેશોમાં યોજાતા એકઝીબીશન અને ટ્રેડ શોમાં પાર્ટીસિપેટ કરવાની જરૂર છે. બાંગ્લાદેશ, ચાઇનાથી સસ્તુ ફેબ્રિક ખરીદી કરીને ભારતમાં જ ગારમેન્ટ એક્ષ્પોર્ટ કરી રહી છે. ભારતના ગારમેન્ટ ઉત્પાદકો માટે આ સૌથી મોટી મુશ્કેલી છે. આ બાબતને અટકાવવા માટે નોન ટેરીફ બેરીયર ક્રિએટ કરી શકાશે તેમજ એન્ટી ડમ્પીંગ ડયુટી લગાવી શકાશે. જો કે, બાંગ્લાદેશને આયાત માટે જે કન્ડીશન આપણે લાગુ કરીશું તે આપણા માટે પણ લાગુ પડશે એટલે આ ખૂબ જ અઘરી બાબત છે.

શ્રી મહેતાએ કહયુ કે, બાંગ્લાદેશ સાથે જે એગ્રીમેન્ટ છે તે વર્ષ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થશે. હાલના સંજોગો જોઇએ તો ઘણી બધી બાબતો આપણા માટે મુશ્કેલ છે પરંતુ કેટલાક બદલાવ કરવાની જરૂર મને લાગે છે. અત્યારે મુશ્કેલીનો સમય છે પણ ભવિષ્યમાં ડોમેસ્ટીક માર્કેટ અને એક્ષ્પોર્ટ બંનેની પરિસ્થિતિમાં ચોકકસપણે સુધારો આવશે. આપણે કોસ્ટ ઓફ રો મટિરિયલ તેમજ કોસ્ટ ઓફ કન્વર્ઝન ઓન એકટીવિટી ઉપર ઘ્યાન આપતા નથી. આથી ભવિષ્યમાં આપણે પ્રોડકટીવિટીને ઇન્ક્રીઝ કરવી પડશે. ભારત માટે સારી બાબત એ છે કે બાંગ્લાદેશ એથનીક વેર બનાવતુ નથી. આથી ભારત, યુરોપિયન માર્કેટમાં એથનીક વેર એક્ષ્પોર્ટ કરી શકે છે.

શ્રી પ્રેમલ ઉદાનીએ જણાવ્યુ હતુ કે, સુરતની સ્થિતિ ભારતની સ્થિતિની જેમ છે. એની પાસે ફાયબર, ફેબ્રિક, યાર્ન અને ગારમેન્ટ બધું જ છે છતાં ભારત માત્ર ૧૬ બિલીયન ડોલર કાપડ એક્ષ્પોર્ટ કરે છે. જયારે બાંગ્લાદેશ ૩૬થી ૪૦ બિલીયન ડોલર કાપડ એક્ષ્પોર્ટ કરે છે. આના ઘણા બધા કારણો છે. બાંગ્લાદેશને ૧૦થી ૧૫ ટકાનો ડયુટી ફ્રી એકસેસ મળી રહયો છે. ભારત જો યુરોપિયન યુનિયનમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સાઇન કરશે તો નિર્યાતકારોને ઘણી બધી તક મળશે. વિયેતનામ અને કમ્બોડીયા પણ એગ્રીમેન્ટ કરી રહયાં છે. જયારે ભારત પાછળ રહી ગયુ છે. આથી ભારતને ખૂબ જ નુકસાન થશે. યુએસએમાં પણ આપણી પ્રોડકટ એપ્રિશીએટ છે પણ પ્રાઇઝમાં આપણે કમ્પીટ કરી શકતા નથી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, સર્ટિફિકેટ ઓફ ઓરીજીનના રૂલ નોટીફાઇડ કરવામાં આવતા નથી. લોકલ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીને આને કારણે ઘણો મોટુ નુકસાન થઇ રહયું છે. કોર કોમોડીટીમાં જિન્સ, શોર્ટ્સ અને ટ્રાઉઝર બાંગ્લાદેશમાંથી બનીને ભારતમાં પાછુ આવે છે. આથી ભારતના ઉદ્યોગકારોને વ્યવસાય ઓછો મળે છે. બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાને સુધારવા માટે ત્યાંની ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીનો સૌથી મોટો ફાળો રહયો છે. ભારતની સીધી કોમ્પીટિશન બાંગ્લાદેશ સાથે રહી નથી. ભારતના ઉદ્યોગકારો ફેશન ઇનોવેટ કરી શકે છે. જુદા–જુદા

કવોલિટીના કાપડ બનાવી શકે છે. અત્યારે નાના ઓર્ડર મળી રહયાં છે. મોટા ઓર્ડર મળશે તો ચોકકસપણે લાંબા ગાળા માટે ફાયદો થશે.

શ્રી ઉદાનીએ કહયુ કે, સુરતના ઉદ્યોગકારોએ વોશીંગ પ્લાન્ટ્સ જેવા કે એસિડ વોશ અને રબર વોશને માર્કેટમાં લાવવાનો પ્રયાસ કરવો જોઇએ. કાપડની સાથે પ્રિન્ટીંગ, એમ્બ્રોઇડરી અને વોશિંગ ઉપર ધ્યાન આપવામાં આવે તો યુનિક પ્રોડકટ બનાવી શકાય છે. સુરત માટે ભવિષ્ય ખૂબ જ સારુ છે. કારણ કે સુરત કપડું ઇનોવેટ કરે છે. સુરતના ઉદ્યોગકારોએ ગારમેન્ટ બનાવવુ પડશે. તેમણે કહયુ કે, ડોમેસ્ટીક અને એક્ષ્પોર્ટ માર્કેટ બંનેની જુદી–જુદી સમસ્યાઓ છે. ભારતે એક્ષ્પોર્ટ માટે કમ્પ્લાયન્સ ઉપર ખૂબ જ ધ્યાન આપવુ પડશે. ઉદ્યોગકારોને વર્કરોને પીએફ, વર્ક વેઝીસ અને સેફટી જેવી બધી સવગડો આપવી પડશે.

ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી ધીરેન થરનારી અને ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીઓએ ઉદ્યોગકારોના બધા જ સવાલોના ખૂબ જ સરળતાથી જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.